ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક : અબડ/૧૦૯૯/૭૬૯/હ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૩-૪-૧૯૯૯

વંચાણે લીધા :-

(૧) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક : વમસ/૧૨૮૮/૧૪૩૯(૧)/ખ, તા.૨૫-૧-૮૯
(૨) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક : વમસ/૧૨૮૯/૧૦૨૨/ખ, તા. ૭-૩-૯૦.
(૩) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક : વમસ/૧૨૮૮/ખા-૯૭/ખ, તા.૩૧-૩-૯૨.
(૪) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક : વમસ/૧૨૮૮/૧૪૩૯/૧/બ, તા.૧૮-૩-૯૩.
(૫) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક : વમસ/૧૦૯૫/૧૮૩૭(૯૬)/હ, તા.૨-૧૨-૯૬.
(૬) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક : વમસ/૧૦૯૭/૧૫૭/હ, તા.૧૫-૯-૧૯૯૭.

-: ઠરાવ :-

આમુખમાં જણાવેલ જુદાજુદા ઠરાવો અન્વયે ગુજરાત રાજયમાં અનુસૂચિત જાતિના લોકો માટે વ્યકિતગત ધોરણે મકાન બાંધકામની સહાય આપવાની યોજના અમલમાં છે. ગુજરાત રાજયમાં વસતા અનુસૂચિત જાતિના ગરીબી રેખા નીચે જીવતા તમામ ઘરવિહોણા ઇસમોને આગામી પાંચ વર્ષમાં મકાન પુરૂં પાડવા માટેની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી. આ યોજનાને નમૂનારૂપ બનાવવા સને ૧૯૯૯-૨૦૦૦ના નાણાંકીય વર્ષથી નીચે મુજબની " ડૉ. આંબેડકર આવાસ યોજના" અમલમાં મુકવાનું નકકી કરવામાં આવ્યું છે.

૧. આ યોજના " ડૉ. આંબેડકર આવાસ યોજના" તરીકે ઓળખવામાં આવશે.

૨. હેતુ :- આ યોજનાનો હેતુ ગરીબી રેખા નીચે જીવતા ઘરવિહોણા અનુસૂચિત જાતિના લોકોને સમયબધ્ધ કાર્યક્રમરૂપે તબક્કાવાર પાકા આવાસ પુરા પાડવાનો છે.

૩. પાત્રતાની શરતો :-

(૧) ગ્રામ્ય વિસ્તારમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તરફથી તૈયાર કરવામાં આવેલી ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની યાદી પૈકીના અનુસૂચિત જાતિના ઘરવિહોણા ઇસમો આ યોજનાના લાભાર્થી રહેશે.

(૨) મકાન વિહોણી/ઘરવિહોણી વ્યકિત કે જેને પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની યોજના હેઠળ મફત ઘરથાળનો પ્લોટ ફાળવવામાં આવેલ હોય

અને જેનો કબજો ધરાવતી હોય તેવી અનુસૂચિત જાતિની વ્યક્તિ કે જેને કોઇ ગૃહ નિર્માણ યોજના હેઠળ લાભ ન મળ્યો હોય તેને આ યોજનાનો લાભ મળી શકશે.

(૩) ગ્રામ પંચાયતના ચોપડે મકાન તરીકે નોંધાયેલ હોય તો પણ તદ્દન કાચું ગાર-માટીનું ઘાસ પૂળાનું કુબા ટાઇપનું મકાન કે જે રહેઠાણ માટે યોગ્ય ન હોય તે ધરાવનાર ઇસમને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૪) ગ્રામ પંચાયતના રેવન્યુ/સીટી સર્વેના અથવા અન્ય સક્ષમ કચેરીના દફતરે જમીનનો પ્લોટ નોંધાયેલ ન હોય તો પણ જો આવી અરજદાર વ્યકિતઓ કબજો ધરાવતી હોય તેવી જમીનનો મિલકત વેરો ભરવાનો દાખલો રજૂ કરે તો તેઓને પણ આ સહાય મળવાપાત્ર થશે.

(૫) રેવન્યુ/સીટી સર્વે વગેરેમાં જમીનનો પ્લોટ નોંધાયેલ ન હોય તો પણ જો રજીસ્ટર દસ્તાવેજોથી નોંધાયેલ હોય તો મિલકત તબદીલ થઇ હોય તેવી જમીનના પ્લોટોના કબજેદારોને પણ આ સહાય મળવાપાત્ર થશે.

(૬) શહેરી વિસ્તારોમાં શહેરી ગરીબો માટે કે અન્ય યોજના નીચે ૨૫ ચો.વાર, ૪૦ ચોરસવાર કે ૧૦૦ ચોરસવાર સુધી ખુલ્લો પ્લોટ ધરાવનાર વ્યકિતઓને પણ આ સહાય મળવાપાત્ર થશે.

(૭) વારસાઇથી મિલકત પ્રાપ્ત કરેલ હોય અને તે અંગે રેવન્યુ સીટી સર્વે રેકર્ડમાં નોંધ ન થઇ હોય પરંતુ કુલ ધારણ કરનાર તથા તેના વારસદારો આવી જમીન ઉપર મકાન બાંધવા માટેની જો સંમતિ આપતા હોય તો આવા પ્રત્યક્ષ કબજો ધરાવનાર વારસદારોને પણ આ સહાયનો લાભ આપી શકશે.

(૮) રાવળીયા/રાવળ અને અન્ય ઇનામી જમીનોના કાયદા/નિયમો નીચે પ્રાપ્ત કરેલ જમીનો અંગે પણ જો કોઇ મહેસૂલી કે સીટીસર્વે રેકર્ડમાં નોંધાયેલ ન હોય પરંતુ તેઓના લાંબા સમયથી પ્રત્યક્ષ કબજો હોય તો તેઓને પણ સહાય મળવાપાત્ર રહેશે. પરંતુ લાભાર્થી ખરેખર કબજો ધરાવે છે કે કેમ તેની ખાત્રી ખાતાના અધિકારીઓ/કર્મચારીઓએ કરવાની રહેશે.

(૯) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ/ગુજરાત હાઉસીંગ બોર્ડ/ ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડ/ગુજરાત હળપતિ અને જમીન વિહોણા ખેતમજુરોનું ગૃહ નિર્માણ બોર્ડની પ્રવર્તમાન યોજનાઓ હેઠળ લાભાર્થી મકાન બનાવવા માંગે તે સબંધિત બોર્ડ મારફતે અરજી કરવાથી બોર્ડની દરખાસ્તના આધારે સહાય મંજુર કરવામાં આવશે અને મંજૂર થયેલ રકમ જે તે બોર્ડ હસ્તક મૂકવામાં આવશે. પરંતુ અન્ય શરતોને ધ્યાને લઇને આ સહાય ચુકવવામાં આવશે.

(૧૦) આ યોજનાની લાભાર્થીની પાત્રમાં અનુસૂચિત જાતિના ઇસમોની વાર્ષિક આવક મર્યાદા રૂા.૨૪,૦૦૦/- ની રહેશે પરંતુ આગામી પાંચ વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા ઘર વિહોણા અનુસૂચિત જાતિના ઇસમોને આ યોજના હેઠળ આવાસ પૂરું

પાડવાનું આયોજન હોવાથી ગરીબી રેખા હેઠળ જીવતી અનુસૂચિત જાતિના મકાન-વિહોણા લાભાર્થીઓને પ્રથમ અગ્રતાના ક્રમે લાભ આપવાનો રહેશે.

(૧૧) અનુસૂચિત જાતિમાં અતિ પછાત એવી વાલ્મિકી, હાડી, નાડીયા, સેનવા, તુરી, ગરો, વણકર-સાધુ અને અનુસૂચિત જાતિના બાવા એમ કુલ-૮ (આઠ) અતિ પછાત જાતિના ઇસમોને આવક-મર્યાદાના બાધ વિના મકાન સહાય આપવાની રહેશે. આ ૮ (આઠ) અતિ પછાત જાતિઓના ઇસમો ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની યાદીમાં ન હોય તો પણ આ યોજનાનો લાભ મેળવવા પાત્ર બનશે.

૪. **સહાયનું ચૂકવણું :-**

(૧) મકાન સહાયની રકમ રૂ.૨૦,૦૦૦/- (અંકે રૂપિયા વીસ હજાર પૂરા ) રહેશે.

(૨) મકાનની ટોચ કિંમત ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૩૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ.૫૦,૦૦૦/- રહેશે.

(૩) આ યોજના હેઠળ મકાન સહાયની રકમ રૂ.૨૦,૦૦૦/- ચૂકવવામાં આવે છે. જેમાં અરજી મંજૂર થયેથી પ્રથમ હપ્તો ૫૦ ટકા ચૂકવવામાં આવશે. બીજો ૪૦ ટકાનો હપ્તો રૂફ લેવલ સુધીનું બાંધકામ પૂર્ણ થયાનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ચૂકવવામાં આવશે. ત્યારબાદ બાકી રહેતો ૧૦ ટકાનો ત્રીજો હપ્તો બાંધકામ પૂર્ણ થયાનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ચુકવવામાં આવશે.

(૪) ગ્રામ્ય વિસ્તારોમાં તાલુકા પંચાયતના ઓવરશીયર અથવા શહેરી વિસ્તારોમાં રાજય સરકાર/મ્યુનિસિપલ કોર્પોરેશન/નગરપાલિકાના મદદનીશ ઇજનેર કે ઉપરના અધિકારીઓએ આવા પ્રમાણપત્ર આપવાના રહેશે. બીજા હપ્તાનું સમાજ કલ્યાણ નિરીક્ષકનું પ્રમાણપત્ર પણ માન્ય રહેશે.
આ યોજનામાં લાભાર્થીનો શ્રમફાળો રૂ. ૨,૦૦૦/- ગણવાનો રહેશે.

૫. **યોજનાનું અમલીકરણ :-**

(૧) આ યોજનાનો અમલ શહેરી વિસ્તાર માટે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી તથા ગ્રામ્ય વિસ્તાર માટે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત) ધ્વારા કરવામાં આવશે. ઠરાવમાં નિયત થયેલ શરતો પ્રમાણે લાભાર્થીઓ લાભ મેળવવાને પાત્ર છે કે કેમ તેની પૂરી ચકાસણી જે તે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી/ સમાજ કલ્યાણ અધિકારીની રહેશે.

(૨) મકાન સહાયની માંગણી માટે આવતી અરજીઓ તારીખ પ્રમાણે ગોઠવી ગરીબી રેખા નોંધણી નંબર ચકાસી અગ્રતાક્રમ પ્રમાણે મંજૂર કરવામાં આવશે.

(૩) ગ્રામ્ય વિસ્તારોમાં આ યોજનાના અમલીકરણ વખતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની સર્વે યાદીને માન્ય દસ્તાવેજ ગણેલ હોવાથી તે યાદીના નોંધણી ક્રમને ચકાસી આવકનો દાખલો/જાતિનો દાખલો મેળવવામાંથી અરજદારોને મુકિત આપવામાં આવશે.

(૪) શહેરી વિસ્તારોમાં શહેરી ગરીબો માટે નિયત કરેલ સક્ષમ અધિકારીનો જાતિનો તથા આવકનો દાખલો મેળવીને રજૂ કરવાનો રહેશે.

(૫) સમાજ કલ્યાણ નિરીક્ષક/ચકાસણી અધિકારી/કર્મચારીએ જિલ્લા/તાલુકા કક્ષાએ રાખવામાં આવેલ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની યાદીમાંથી લાભાર્થીનો અનુક્રમ નંબર ધ્યાને લઇ મંજુરી અંગે નિર્ણય લેવાનો રહેશે. ચકાસણી અર્થે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી સર્વે યાદીની નકલ જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી અને સમાજ કલ્યાણ અધિકારીની કચેરીમાં ઉપલબ્ધ રાખી ચકાસણી-મંજૂરીની કાર્યવાહી કરવાની રહેશે.

૬. આ યોજનાનો ખર્ચ "માંગણી નંબર : ૯૩ ખાસ અંગભૂત યોજના મુખ્ય સદર: અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ. ગૌણ સદર : ૨૮૩ આવાસન પેટા સદર . બીસીકે-૫૩ અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના-આવાસન માટે વ્યકિતગત ધોરણે મકાન સહાય બીસીકે-૫૫:અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના સફાઇ કામદારો, ઝાડુવાળા અને વાલ્મિકી, હાડી, નાડીયા, સેનવાને આવાસન માટે નાણાંકીય સહાય" સદર હેઠળ પાડવાનો રહેશે. અને તે હેઠળ દર વરસે કરવામાં આવનાર જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

( રમણ આર્ય )
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,

પ્રતિ,
૧. માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
૨. માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૩. માન. મંત્રીશ્રી, (સામાજીક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૪. સર્વે મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૫. સચિવાલયના સર્વે વિભાગો.
૬. અધિક મુખ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.

૯. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
૧૦.મેનેજીંગ ડીરેકટરશ્રી, અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગુ.રા.,ગાંધીનગર.
૧૧.પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
૧૨.સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી
૧૩.સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ
૧૪.સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત)
૧૫. નાણાં સલાહકારશ્રી, નાણા શાખા, સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૬.સમાજ કલ્યાણ વિભાગની સઘળી શાખાઓ.
૧૭.નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
૧૮.પસંદગી ફાઇલ